જન્મદિને વધામણી

નારણભાઈ પ્રજાપતિ
મો. ૯૪૨૭૩ ૦૩૧૪૧

શૈલેષભાઈ નાનાલાલ મહેતા
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

રમીલાબેન કાન્તિલાલ નાયી
મો. ૯૭૨૩૨ ૧૧૮૬૩

જે બી ગદિયા
મો. ૯૭૨૩૮ ૪૪૧૦૦

બાબુલાલ અજમલભાઈ નાયી

મકુબુલ શેખ
મો. ૯૯૦૯૮ ૦૦૦૭૩

મનોજ એલ પટેલ
મો. ૯૭૩૭૭ ૬૭૭૭૦

મિતરાજસિંહ યોગેન્દ્રસિંહ ડાભી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

જી.આઈ.પી.એસ. ખાતે કેન્સર જાગૃતિ વ્યાખ્યાન

વિદ્યાર્થીઓ માટે ચિત્રસ્પર્ધા પણ યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલમાં શનિવારે કેન્સર જાગૃતિના ભાગ રૂપે દિલ્હિથી ગુરુદિપસિંગ (અસિસ્ટંટ ડાયરેકટર ઓફ કેન્સર એડ સોસાયટી) ઉપસ્થિત રહ્યા હતા. જેમણે કેન્સર વિશે વિદ્યાર્થીઓ ને ખૂબ સરસ માહિતી આપી હતી. કેન્સર રોગ નથી. કેમકે એ રોગ હોય તો તેની દવાઓ હોય, કેન્સરના કેટલા સ્ટેજ આવે છે. વધુ પડતું કોઈ પણ વસ્તુનું ખાવુ જેનાથી કેન્સર થવાના ચાન્સીસ છે, પ્રથમ સ્ટેજનુ કેન્સર હોય જેની ખબર પડી જાય તો સારુ થઈ શકે છે, કેન્સર શેનાથી થાય છે ?

તંબાકુ, ગુટખા, સીગારેટ વગેરેનું સેવન ન કરવું જોઈએ, ફળ ફળાદિ ખાવા જોઈએ, જે કેન્સર સામે રક્ષણ આપે છે, તમારા શરીરમાં અલગ પ્રકારનું પરીવર્તન દેખાય તો તરત જ ડોકટરની સલાહ લેવી જોઈએ, આમ કેન્સર જાગૃતિ માટે જે માહિતિ આપી તેને શાળાના ડાયરેકટર તથા પ્રિન્સીપાલ દ્વારા બિરદાવાયા હતા, અને તેમનું અભિવાદન પણ કરવામાં આવ્યું હતું, તદુપરાંત શાળામાં ધોરણ ૧ થી ૯ સુધીના તમામ વિદ્યાર્થીઓ માટે કુદરતના સાનિધ્યમાં રહીને ડ્રોઈંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાના તમામ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આધાર કાર્ડ હવે ભૂતકાળ બની જવાની શંકા

આજથી વર્ચ્યુઅલ આઈડીની શરૂઆત થશે

ન્યુ દિલ્હી, તા.૩૦

સરકારે આધાર કાર્ડ સાથે જોડાયેલા તમારા ડેટાને સલામત બનાવવા માટે એક નિર્ણય કર્યો છે. આ નિર્ણય વર્ચ્યુઅલ ID છે. ૧ જુલાઈથી તમે આધારના વર્ચ્યુઅલ આઈડી જનરેટ કરી શકશો એટલે હવે તમારે કોઈને તમારો આધાર નંબર આપવાની જરૂર નથી. કોઈ તમારો આધાર નંબર જાણી પણ નહીં શકે.

વર્ચ્યૂઅલ આઈડી ૧૬ આકડાનો એક નંબર છે, જેને તમે અલગ અલગ જગ્યાઓ પર આધાર નંબરની જગ્યાએ વાપરી શકશો. યૂનિક આઈડેન્ટિફિકેશન ઓર્થોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI)એ ૧ જુલાઈથી વર્ચ્યુઅલ આઈડેન્ટિફિકેશન (ID)ને ફરજિયાત કરી દીધુ છે.

યુઆઈડીના સીઈઓ અજિત ભૂષણ પાંડે કહે છે કે વર્ચ્યુઅલ આઈડીથી આધારનો ઉપયોગ સરળ થઈ જશે અને સલામત પણ રહેશે. આ ઉપરાંત, રિઝર્વ બેંક વર્ચ્યુઅલ ID સ્વીકાર કરવા માટે તમામ બેંકોને ૩૦ જુન સુધી સિસ્ટમમાં જરૂરી ફેરફારો કરવાની પણ સૂચનાઓ આપી દીધી છે. અન્ય પ્રકારની સેવાઓ પૂરી પાડતી કંપનીઓ પણ નક્કી સમય પર તેમની સિસ્ટમમાં ફેરફાર કરશે અને ૧ જુલાઈથી વર્ચ્યુઅલ IDને સ્વીકારવું પડશે.

વર્ચ્યુઅલ IDને હકીકતમાં કમ્પ્યુટર દ્વારા જેરેરેટ કરવામાં આવેલ નંબર છે. આ નંબરને તમે અનેકવાર જનરેટ કરી શકો છો, વર્ચ્યુઅલ ID માત્ર અમુક સમય માટે જ માન્ય રહેશે, તેનાથી IDનો ખોટો ઉપયોગ ન થઈ શકે.

વર્ચ્યુઅલ આઈડીને યુઆઈડીએઆઈની વેબસાઈટ, કોઈ આધાર ઈનરોલમેન્ટ કેન્દ્ર અથવા m-Aadhar Appથી જનરેટ કરી શકો છો. વર્ચ્યુઅલ આઈડી જનરેટ કરવા માટે તમારી પાસે આધાર નંબર સાથે જોડાયેલ મોબાઈલ નંબર હોવા જોઈએ. આધાર કાર્ડ સાથે જોડાયેલ મોબાઈલ નંબર પર જ એક વન ટાઈમ પાસવર્ડ આવશે, જે તમારા આધાર વર્ચ્યુઅલ IDની ચકાસણી કરશે.

નવાં કેન્દ્રો માર્ચ-૨૦૧૯ સુધી ખુલી જશે

કેન્દ્ર સરકાર દ્વારા નવાં ૧૫૦૦ જનઔષધિ કેન્દ્ર ખોલવામાં આવશે

ન્યુ દિલ્હી, તા.૩૦

જન ઔષધિ કેન્દ્રની સફળતાને જોતા મોદી સરકાર હવે ૧૫૦૦ જેટલા નવા જનઔષધિ કેન્દ્ર ખોલવા જઈ રહી છે. આ કેન્દ્ર માર્ચ ૨૦૧૯ સુધી ખુલી જશે. ત્યારે હવે તમારી પાસે ફરી એકવાર જનઔષધિ કેન્દ્ર ખોલવાની તક છે. આના દ્વારા મહિનાની ૨૦ થી ૨૫ હજાર રૂપીયાની કમાણી થઈ શકે છે. કેન્દ્ર સરકારે ગત વર્ષે લગભગ ૩૫૦૦ જેટલા જનઔષધિ કેન્દ્ર ખોલ્યા હતા. સરકારનો ઉદ્દેશ્ય છે કે દેશના દરેક વિસ્તારમાં લોકોને માર્કેટ રેટથી ૮૦ થી ૮૫ ટકા સુધી સસ્તી દવા ઉપ્લબ્ધ થાય. સરકારે પહેલા જનઔષધિ કેન્દ્ર ખોલવા પર ૨.૫ લાખ રૂપીયાની સરકારી સહાયતા પ્રદાન કરવાની જાહેરાત કરી હતી પરંતુ આ મદદ અત્યાર સુધી મળી રહી નથી. ત્યારે સરકારે હવે સરકારે નક્કી કર્યું છે કે દવા વેચવા મળનારા ૨૦ ટકા જેટલા કમિશન સિવાય અલગથી ૧૦ ટકા ઈન્સેન્ટિવ આપવામાં આવશે. આના માટે દેશભરમાં પીઓએસ મશીન આપવામાં આવશે. આના દ્વારા દર મહિને બેંક એકાઉન્ટમાં ઈન્સેન્ટિવ મોકલવામાં આવશે. સરકારની યોજના છે કે ઈન્સેન્ટિવ ત્યાં સુધી આપવામાં આવે કે જ્યાં સુધી ૨.૫ લાખ રૂપીયા પૂરા ન થઈ જાય. દવાની દુકાન ખોલવામાં પણ આશરે ૨.૫ લાખ રૂપીયાનો ખર્ચ થાય છે ત્યારે આ પૂર્ણ ખર્ચ સરકાર ઉઠાવી રહી છે. જન ઔષધિ સેન્ટર ખોલવા માટે સરકારે ત્રણ કેટેગરી બનાવી છે. પહેલી કેટેગરીમાં કોઈપણ વ્યક્તિ, બેરોજગાર ફાર્માસિસ્ટ, ડોક્ટર, રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર સ્ટોર ખોલી શકશે. બીજી કેટેગરીમાં ટ્રસ્ટ, એનજીઓ, પ્રાઈવેટ હોસ્પિટલ, સોસાયટી અને સેલ્ફ હેલ્પ ગ્રુપને સ્ટોર ખોલવાની તક પ્રાપ્ત થશે. તો ત્રીજી કેટેગરીમાં રાજ્ય સરકારો દ્વારા નોમિનેટ કરવામાં આવેલી એજન્સી હશે. દુકાન ખોલવા માટે ૧૨૦ સ્કવેરફૂટ એરિયામાં દુકાન હોવી જરૂરી છે. સેન્ટર ખોલનારા લોકોને સરકાર દ્વારા ૬૫૦ થી પણ વધારે પ્રકારની દવાઓ ઉપ્લબ્ધ કરાવવામાં આવશે.

આદર્શ નિવાસી કુમાર શાળામાં માર્ગ સલામતી સપ્તાહ ઉજવાયું

ગાંધીનગર, તા. ૩૦

આદર્શ નિવાસી શાળા (અ જા કુમાર), સેક્ટર-૮, ગાંધીનગર ખાતે તાજેતરમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય જી કે સોલંકીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ આગ, ભૂકંપ, રોડ અકસ્માતથી બચવા માટેના ઉપાયોની સમજ આપવામાં આવી હતી. ઉપરાંત શુક્રવારે શાળામાં આ ઉપક્રમ અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આ ઉજવણીને સફળ બનાવી હતી.

ગુજરાતનાં આઠ કરાટે નિષ્ણાતોને કરાટેની ઉચ્ચ પદવીઓ એનાયત કરાઈ

નગરના ત્રણ વાડોકાઈ પ્રશિક્ષકોને બ્લેક બેલ્ટની છઠ્ઠી ડીગ્રી

ગાંધીનગર, તા. ૩૦

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા તાજેતરમાં આણંદ ખાતે કરાટે એસોસીએશન ઓફ ઈન્ડિયાની પદવી એનાયત કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. વાડોકાઈ કરાટેનાં બ્લેક બેલ્ટમાં ઉચ્ચ પદવીઓ ધરાવતા જુદા જુદા જિલ્લાનાં વડાઓને ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ તથા ઈન્ડિયન ઓલમ્પિક એસોસીએશન દ્વારા માન્યતાપ્રાપ્ત કરાટે એસોસીએશન ઓફ ઈન્ડિયાની પદવીઓ શિહાન શ્રી અરવિંદભાઈ રાણાના વરદ હસ્તે એનાયત કરવામાં આવી હતી. આ પદવી મેળવનાર શિક્ષકોમાં ગાંધીનગરનાં શ્રી ગૌરાંગભાઈ રાણા, શ્રી જિગ્નેશભાઈ ત્રિવેદી અને શ્રી શૈલેષભાઈ આહિરને ૬ ડીગ્રી બ્લેક બેલ્ટનો ઉચ્ચ પદવી એનાયત કરવામાં આવી હતી. ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનનાં ટેક્નિકલ ડાયરેક્ટર અને વાઈસ ચેરમેન શિહાન શ્રી અરવિંદભાઈ રાણાના માર્ગદર્શનમાં અગાઉ ૨૦૧૬માં શ્રી ગૌરાંગ રાણા, ૨૦૧૭માં શ્રી જિગ્નેશ ત્રિવેદી અને ૨૦૧૮માં શ્રી શૈલેષ આહિરે વાડોકાઈ કરાટે શૈલીમાં ૬ ડીગ્રી બ્લેક બેલ્ટની પદવીઓ મેળવી હતી. હવે તેઓએ કરાટે એસોસીએશન ઓફ ઈન્ડિયાની આ બીજી ૬ ડીગ્રી બ્લેક બેલ્ટ મેળવ્યો છે તે બદલ એસો.નાં પદાધિકારીઓએ તથા ગાંધીનગર જિલ્લાનાં વાડોકાઈ કરાટેનાં તમામ પ્રશિક્ષકોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

આ પદવીદાન સમારોહમાં સુરેન્દ્રનગરનાં શ્રી ચકબહાદુર દમાઈ, આણંદનાં શ્રી જીગ્નેશ ઠક્કર, શ્રી ચેતન ફુમકીયાને બ્લેક બેલ્ટની ૬ઠ્ઠી ડીગ્રી તથા જૂનાગઢનાં શ્રી હિરેન ખૂંટીને બ્લેક બેલ્ટની ૪થી ડીગ્રી અને ભાવનગરનાં શ્રી કમલ દવેને બ્લેક બેલ્ટની ૩જી ડીગ્રી શિહાન શ્રી અરવિંદભાઈ રાણાના વરદ હસ્તે એનાયત કરવામાં આવી હતી.

પ્રેરણા વિદ્યાલયમાં બાલમંદિરનો પ્રવેશોત્સવ

સેક્ટર-૫ એ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલયમાં બાલમંદિરનાં ભૂલકાઓ માટે પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાગીત અને અભિનયગીત દ્વારા કરવામાં આવી હતી. મહેમાન તરીકે એસબીઆઈના નિવૃત્ત મેનેજર ઈશ્વરભાઈ પરમાર તથા શારદાબેન પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં, જેમના હસ્તે ભૂલકાઓને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ભૂલકાઓનો કુમકુમ તિલક કરી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. ભૂલકાઓ દ્વારા સુંદર ગીતની રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી નરેશભાઈ શાહ, આર એમ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય મનીષભાઈ ખત્રીએ ભૂલકાઓને આશીર્વચન પાઠવ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન ઈન્દ્રરાજકુંવરબા દ્વારા તથા આભાર દર્શન સંજયભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

દેશના સુપ્રતિષ્ઠિત અંગ્રેજી સામાહિક 'ઈન્ડિયા ટુડે'ના ૨૦૧૮ના સર્વેમાં

ગણપત યુનિવર્સિટી 'ઈન્ડિયાઝ બેસ્ટ પ્રાઈવેટ યુનિવર્સિટીઝ'માં

દેશમાં સૌથી વધારે પી.જી. કોર્સિસ ચલાવતી યુનિ.ની કેટેગરીમાં પણ 'ઈન્ડિયાઝ ટોપ ફાઈવ'માં સન્માનભર્યુ સ્થાન હાંસલ

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યની પ્રથમ હરોળની અને હાઈટેક તરીકે નામના પામેલી ગણપત યુનિવર્સિટીના મુગુટમાં વધુ એક યશકલગીનો ઉમેરો થયો છે.

દેશના સૌથી લોકપ્રિય અને વિશ્વસનીય અંગ્રેજી સામાહિક ઈન્ડિયા ટુડે અને પ્રતિષ્ઠિત રિસર્ચ સંસ્થા એમ.ડી.આર.એ. દ્વારા સંયુક્ત રીતે હાથ ધરાયેલા દેશના બેસ્ટ યુનિવર્સિટીઝ સર્વે-૨૦૧૮ના તારણ મુજબ ઈન્ડિયાઝ બેસ્ટ પ્રાઈવેટ યુનિવરર્સિટી કેટેગરીમાં ગુજરાતમાંથી એકમાત્ર ગણપત યુનિવર્સિટીનો જ ગૌરવવંતો સમાવેશ થઈ શક્યો છે, આ સન્માન માત્ર ગણપત યુનિવર્સિટીને જ હાંસલ થયું છે.

એટલું જ નહીં, આજ સર્વેની દેશમાં સૌથી વધુ પોસ્ટ ગ્રેજ્યુએશન (પીજી) કોર્સિસ ચલાવતી પ્રાઈવેટ યુનિવર્સિટીઝની કેટેગરીમાં પણ ઈન્ડિયાઝ ટોપ ફાઈવ યુનિવર્સિટીઝ ગણપત યુનિવર્સિટીએ ચોથુ સ્થાન હાંસલ કર્યું છે. આ શ્રેણી અંતર્ગત અન્ય ચાર યુનિવર્સિટીઝમાં એમિટી, એસઆરએમ ઈન્સ્ટિટ્યૂટ, સવિતા ઈન્સ્ટિટ્યૂટ અને કિસ્ટ યુનિ.નો સમાવેશ થાય છે.

દેશના સુપ્રસિઘ્ઘ અંગ્રેજી સામાહિક ઈન્ડિયા ટુડે ગ્રુપ અને નવી દિલ્હીની સંશોધન સંસ્થા માર્કેટિંગ એન્ડ ડેવલપમેન્ટ રિસર્ચ એસોસિએટસના સંયુક્ત ઉપક્રમે હાથ ધરાયેલા હેસ્ટ યુનિવર્સિટીઝ ઈન્ડિયા ટુડે, એમડીઆરએ સર્વે-૨૦૧૮માં શૈક્ષણિક સંસ્થાઓની પસંદગીના ધોરણો ખૂબજ ઊંચા રાખવામાં આવ્યા હતા. જેમાં ૨૩ જેટલા વાઈસ ચાન્સેલરો-પ્રાવોઈસ ચાન્સેલરો, ૯૬ જેટલા ડિરેક્ટર્સ, ડીન્સ કે રજિસ્ટ્રાર્સ અને ૧૯૯ જેટલા ફેકલ્ટીઝ-એમ કુલ મળીને ૨૩ શહેરોના ૩૧૮ જેટલા પ્રતિભાશાળી લોકોનું માર્ગદર્શન લેવામાં આવ્યુ હતુ.

સંસ્કાર ગ્રૂપ દ્વારા આજે સામાન્ય જ્ઞાન અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

બાળકોની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી સંસ્થા સંસ્કાર ગ્રૂપ દ્વારા રવિવાર, તા. ૧ જુલાઈના રોજ સામાન્ય જ્ઞાન અંગે માર્ગદર્શન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં ગ્રૂપના પ્રમુખ તુષાર દવેએ જણાવ્યું છે કે રવિવારે સાંજે ૬.૩૦થી ૭.૩૦ દરમિયાન જાહેર ઉદ્યાન, સેક્ટર-૭ ખાતે વરૂણદેવનાં વધામણાં અને પ્રાર્થના ઉપરાંત જ્ઞાન સાથે ગમ્મત, સામાન્ય જ્ઞાન વિશે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સૌ બાળકોને બાળગીતો અને દેશભક્તિ ગીતનું ગાન પણ શીખવવામાં આવશે અને સૌ સમૂહમાં બાળગીતો તથા દેશભક્તિ ગીતોનું ગાન કરશે.

આ ઉપક્રમનો લાભ લેવા સંસ્થાના સભ્ય બાળકો ઉપરાંત નગરના સૌ રસિક બાળકોને તેમણે ઈજન પાઠવ્યું છે.

બાળકોને મોબાઈલ આપવાની વૃત્તિ અંકુશિત કરો

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

દુનિયામાં પ્રતિક્ષણ પરિવર્તન આવતું જ રહે છે અને હવે સમાજ પણ પરિવર્તન માટે બહુ હકારાત્મક થતો જાય છે. કેમ કે વિશ્વ મૂઠ્ઠીમાં સમાઈ ગયું છે. ભૌતિક દૃષ્ટિએ વિશાળ પૃથ્વી અને વિસ્તૃત આભ છતાં માનવીય સંપર્ક માટે હવે કોઈ વિસાતમાં નથી. માહિતીસંચાર અને પ્રસારણ ક્ષેત્રમાં ઈન્ટરનેટની શોધ પછી બહુ જ તીવ્ર ગતિથી વ્યવહારો થઈ રહ્યા છે. દરેક ક્ષેત્રમાં આધુનિક સુવિધાઓ કે જેના પાયામાં નેટની જાળ હોય તે રીતે એ પ્રતિદિન વધતી જાય છે. ભણ્યા હોઈએ ગમે તે ક્ષેત્રનું પણ તેનું સમગ્ર કાર્ય, સંચાલન, વિશ્લેષણ, સમીક્ષા વગેરેમાં કમ્પ્યુટર્સ વિના અધુરું રહે છે. દરેક બાળક હવે જે ઉછરી રહ્યું છે તે નેટ આધારિત ઉપકરણોથી અવગત છે. કમ્પ્યુટર્સ ચલાવવાનું કે મોબાઈલ ઑપરેટ કરવાનું કામ તેને જરા પણ મુશ્કેલ જણાતું નથી. કોઈપણ સ્થળનું ૧૯૯૦ પહેલાંનું દૃશ્ય યાદ કરો અને તેને આજની સ્થિતિ સાથે સરખાવો તો ખ્યાલ આવશે કે વિશ્વ બહુ જ બદલાઈ ગયું છે. શરૂ-શરૂમાં મોબાઈલ આવ્યા ત્યારે આમ નાગરિક મુંઝાઈ જતો કે આ વળી કયા પ્રકારનો ફોન આવ્યો છે ? સ્માર્ટ ફોન સીધા માર્કેટમાં આવ્યા ન હતા. ખૂબ સુખી-શ્રીમંત વર્ગમાં તેનો પ્રવેશ થયો અને સમય જતાં આજે મીડિયા-સોશિયલ મીડિયા, સાયબર ક્રાઈમ સુધી સફર થઈ ચૂકી છે. નવિનતમ ચીજનું સૌને ઘેલું હોય કારણ કે જિજ્ઞાસા વિનાની કોઈ જિંદગી એ જિંદગી નથી હોતી. એ માત્ર વેઠ હોય છે.

વિસ્મય અને વિમાસણ વચ્ચે કોઈક જ કૂતુહલ ઊભું થાય છે, જેમાં વ્યક્તિ ડૂબવા-જોવા-જાણવાનો પ્રયાસ અવશ્ય કરે છે. જીવનની હરેક ક્ષણને ખરા અર્થમાં જીવી લેવાની વૃત્તિ સમાજને ધબકતો-દોડતો રાખે છે. સવારથી સાંજ સુધી ચીલાચાલુ વૈતરું કરવાના સમયને જિંદગી કહેવી કે નહીં એ ચર્ચાનો વિષય છે !

શહેરીકરણના સિમેન્ટના જંગલોમાં રહેતા દરેક પરિવારના બાળકોનું બચપણ આજે ખોવાઈ ગયું છે. આઉટડોર ગેમ્સની શક્યતા ઘટી ગઈ છે અને ઘરમાં બેસીને ટીવી જોવાનું અથવા જિદ કરીને મોબાઈલ લઈ તેમાં જે ગેમ્સ આવે તે રમવાનું કામ બાળકો કરે છે અને ક્રમશઃ આ ઘટના વ્યસનમાં ફેરવાઈ જાય છે. પ્રથમ તો માબાપ ગર્વ લેવા માંડે કે જુઓ, કેટલું બધું આવડે છે ! બીજું, આ મોબાઈલમાં અપરાધ તરફ ખેંચી જાય તેવી રમતોમાં બાળકો ભટકી જાય છે. ગત સપ્તાહે વિશ્વ આરોગ્ય સંગઠને આ અંગે ચિંતા વ્યક્ત કરી છે અને ગેમિંગ ડિસઑર્ડરને માનસિક બીમારી જાહેર કરી છે. ગેમિંગ ઍડિક્શન (વ્યસન)માં સંબંધોનું સ્થાન રહેતું નથી. અપરાધીકરણ બાજુ સગીરો ફંટાઈ જાય છે. વડોદરાની એક સ્કૂલમાં ધોરણ-૯ના વિદ્યાર્થિની હત્યા બીજા એક વિદ્યાર્થિએ કરી નાખી એ ઘટના અતિ ચિંતા ઉપજાવે તેવી છે.

મોબાઈલ ઉપર તો આખું જગત આંગળીના ટેરવા ઉપર હાજર થાય છે, જેનો નહીં કરવા જેવો ઉપયોગ નાનાં બાળકો કરે ત્યારે એ અભ્યાસમાં રસ કેળવી શકતા નથી. બીજું, માબાપ એ કદી તપાસ કરતાં નથી કે તેમનું બાળક મોબાઈલમાં શું જુએ છે. ટેકનોલૉજી પણ રોગની ભેટ આપે છે એ પરિવારોની સમજથી બહાર રહી જાય છે. પૉર્નોગ્રાફી જોનારા સગીરોની સંખ્યા બહુ જ વિશાળ છે એ અંતે રેપ સુધી ખેંચી જાય છે. બાળક જિદ્દી બની જાય તો કારણો યોગ્ય છે કે નહીં એ માબાપ નહીં જુએ તો કોણ જોશે ? ગેમિંગ પ્રવૃત્તિમાં પણ ઘણું બધું યોગ્ય હોતું નથી. હિંસાત્મક વિડીયો જોઈ જોઈને બાળકના કુમળા માનસમાં અતિ ખરાબ ને વિકૃત છાપ ઊભી થયા કરે છે. માનસિક બીમારીની સાથે તેની આંખો નબળી પડે છે. તે મૌલિક રીતે વિચારવાની પ્રક્રિયામાંથી હટી જાય છે. મોબાઈલ કે ટીવી વધુ જોનારા પોતાના વિચારો સુધી પછી જઈ શકતા જ નથી એ ગંભીર બાબત છે. બાળકો પોતે સ્વતંત્ર રીતે સ્વયંને અંકુશિત કરી શકતા નથી એટલા માટે પરિવારેગરમાં બાળકોને મોબાઈલના વ્યસનમાં તે ફસાઈ ના જાય તેની કાળજી અવશ્ય લેવી પડે તેવો યુગ આવી ગયો છે. સમયની બરબાદી તો થાય છે પણ બાળક બહારની દુનિયાથી વિમુક્ત થઈ માત્ર ગેમિંગ કે યુટ્યુબ ઉપરની અયોગ્ય ચીજોને નિહાળ્યા કરે તો તેનું ઘડતર થઈ શકતું નથી. આ નુકસાની સમાજને પ્રથમ દૃષ્ટિએ દેખાતી નથી. પ્રત્યેક બાળક આવતીકાલનો નાગરિક છે અને એ માટે તેનામાં સંસ્કારોનું સીંચન થઈ શકે તો સારું. પરંતુ આ સાયબર ક્રાઈમના આ ચક્કરમાં એ ફસાય નહીં તે માટે દરેક પરિવારે ખૂબ સાવચેત થવાની જરૂર છે.

હાઈસ્કૂલ સ્તર સુધી ભણતા વિદ્યાર્થીઓમાં હિંસાચાર-કામુકતા, ક્રૂરતા દાખલ થવામાં મોબાઈલ બહુ મોટી ભૂમિકા નિભાવે છે. સમાજે સજાગ થવાની જરૂર છે. જરૂર ના હોય તો પોતાનાં સંતાનોને મોબાઈલથી મુક્ત રાખી તેને ભણવા અને વિકસવાની તક આપીએ એ જ સમયનો તકાજો છે.

શેર આસ્વાદ
તારી ઑફબિટ આંખ્યુંએ
ડિજીટલ સપનાનો
ઈમેલ મૂક્યો છે
મારી આંખમાં
પાંપણનો પાસવર્ડ
ઍન્ટર કરીને
હું તો સૂરજ ઉગાડું
બારસાખમાં

જીવન ઉપવન કૉલમે પોતાનાં પ્રકાશનનાં બે વર્ષ પૂર્ણ કર્યાં છે. આ પ્રસંગે ગાંધીનગર સમાચાર ઉપરાંત સૌ વાચકો પ્રતિ લેખક આભારની લાગણી પ્રગટ કરે છે અને લેખ બાબતે સૂચનો, અભિપ્રાયો આપવા માટે પણ સાદર અનુરોધ કરે છે.